## સંક્ષિપ્ત સમાચાર

### કુંતા અને સલવાવમાં નાણાં મંત્રીએ અસરગ્રસ્તોને સહાયના ચેકનું વિતરણ કર્યું



વાપી : અતિભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારો સુધી તાત્કાલિક રાહત પહોંચે તે માટે આજે વાપી મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડ નં. 1 (કુંતા) અને વોર્ડ નં. 2 (સલવાવ)ની નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ મુલાકાત લીધી હતી. પ્રશાસન દ્વારા થયેલા સર્વેના આધારે અસરગ્રસ્ત પરિવારોને ઘરદીઠ રૂપિયા 6,800ની તાત્કાલિક સહાયના ચેક અર્પણ કર્યા હતાં. તેમજ તાડપત્રી અને રાહત રેશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુ નુકસાન ભોગવનાર પરિવારોને સરકાર તરફથી યોગ્ય સહાય મળી રહે તે માટે બીજા તબક્કાના સર્વેમાં તમામ વિગતો નોંધાવવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. સંકટની આ ઘડીમાં સરકાર અને પ્રશાસન અસરગ્રસ્ત નાગરિકોની સાથે મજબૂતીથી ઉભા છે. દરેક પીડિત પરિવાર સુધી ઝડપથી રાહત પહોંચે અને પુનઃસ્થાપનની કામગીરી અસરકારક રીતે પૂર્ણ થાય તે માટે સતત સંકલન અને દેખરેખ રાખવામાં આવી રહી છે. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓમાં વાપીના મેયર દક્ષાબેન પટેલ, વાપી મનપાના કારોબારી અધ્યક્ષ સતિષભાઈ પટેલ, ડેપ્યુટી મેયર મિતેષભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

### પારડીની બ્લડ બેન્કમાં પાણી ઘૂસ્યા, ૨૫૦થી 300 યુનિટ રક્તનો જથ્થો બચાવી લેવાયો


અમૃત પટેલ

પારડી: માનવ આરોગ્ય સેવા કેન્દ્ર સંચાલિત સરદાર ભીલાડવાલા પારડી પીપલ્સ કો-ઓ. બ્લડ બેન્કમાં એકથી દોઢ ફૂટ જેટલું પાણી ઘૂસી ગયા હતા. બ્લડ બેન્કના રેફ્રિજરેટર અને અન્ય સાધનો પાણીમાં ડૂબી જાય અથવા વીજ પુરવઠો ખોરવાઈ જાય તો લાખો રૂપિયાના કિંમતી રક્ત જથ્થાનો નાશ થઈ શકે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. બ્લડ બેંકમાં આશરે ૨૫૦થી ૩૦૦ યુનિટ જેટલો રક્તનો જથ્થો સંગ્રહિત હોવાથી, એડમિનિસ્ટ્રેટર અજય ઠાકોરે તાત્કાલિક ડો. એમ. એમ. કુરેશી અને સંજય બારિયાનો સંપર્ક કરી બ્લડ બેન્ક ખાતે પહોંચી ગયા. દિનેશ સાકરિયાએ 7થી 8 કાર્યકરોને મદદ માટે મોકલ્યા. તમામે મળીને બ્લડ બેન્કના રેફ્રિજરેટર સહિતના ભારે સાધનોને આશરે બે ફૂટની ઊંચાઈએ સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. પરિણામે બ્લડ બેન્કની અંદર અને આસપાસ ભરાયેલું પાણી ઝડપથી ઉતરવાનું શરૂ થયું. આ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદના પાંચથી છ જેટલા સ્વયંસેવકો પણ સ્થળ પર પહોંચી ગયા હતા. જેના પગલે રક્તનો જથ્થો સુરક્ષિત થયો હતો.

### ખેરગામમાં ભારે વરસાદથી અસરગ્રતોને અનાજ કિટનું વિતરણ



ખેરગામ : ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત બનેલા ખેરગામના વાડ, પાટી, બહેજ, કાકડવેરી સહિતના ગામો તેમજ વાવ ગામના આદિમ જનજાતિ જૂથના પરિવારોને નવસારીના દાતા પ્રેમચંદભાઈ લાલવાણી તેમજ રામરોટી પરિવારના સૌજન્યથી અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા યજ્ઞ દરમિયાન મામલતદાર વી.સી. પટેલ, નાયબ મામલતદાર એન.એસ. વોરા, સેવાભાવી સ્વયંસેવક મૌલિકભાઈ અમલાની, પુષ્પાબેન, ભાવિનભાઈ તેમજ અનિશભાઈ તથા તેમની ટીમની ઉપસ્થિતિમાં અનાજની કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

### બચાવો... બચાવો... ૭૫ વર્ષીય દિવ્યાંગ વૃદ્ધાને ફાયરના જવાનોએ બચાવ્યા



વલસાડ : વલસાડના છીપવાડ ખાતે આવેલી રેલમાં લોકોના ઘરો પાણીમાં ડૂબી જતા જીવન અને મરણ વચ્ચે અત્યંત કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. આ કુદરતી આપત્તિ સમયે વલસાડ પાલિકાના ફાયરના જવાનો અને કોસંબાના તરવૈયાઓએ એક ૭૫ વર્ષીય દિવ્યાંગ વૃદ્ધા બુધલીબેન લલ્લુભાઈ કુંકણા (ઉ.વ.૭૫, રહે. છીપવાડ- વાવડી, વલસાડ)નું રેસ્ક્યુ કરી નવુ જીવન આપ્યુ છે. બુધલીબેન કુંકણાએ જણાવ્યુ કે, હું દિવ્યાંગ છું, પગે ચાલી શકતી નથી. ઘરમાં પૂરના પાણી ભરાતા મારા દીકરા વિજયે મને ખાટલા પર ખુરશી મુકી બેસાડી હતી. તેમ છતાં પાણીનો પ્રવાહ એટલો બધો આવતો હતો કે ઉપર બેસી હોવા છતાં મારા ગળા સુધી પાણી આવી ગયા હતા, હું બચાવો... બચાવો...ની બૂમો પાડી રહી હતી. તે સમયે તો મે જીવવાની આશા જ છોડી હતી. પાણીમાં ડૂબી જવાની હાલત વચ્ચે મને નજર સામે મોત દેખાતુ હતું. આખરે વલસાડ પાલિકાના ફાયરના જવાનો મારા માટે દેવદૂત બનીને આવ્યા અને મને પૂરમાંથી બહાર કાઢી મને નવુ જીવન આપ્યું છે.

### ધરમપુર પી.આઇ.ની આગેવાની હેઠળ વરસાદગ્રસ્ત પરિવારોને રાહત


આસીફ શેખ

ધરમપુર : ધરમપુર તાલુકામાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદને કારણે અનેક ગામો અને ફળિયાઓમાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે. આવી પરિસ્થિતિમાં ધરમપુર પોલીસ સ્ટેશન દ્વારા અસરગ્રસ્ત પરિવારોને જરૂરી સહાય પહોંચાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. પોલીસ ઈન્સ્પેક્ટર નિખિલ ભોયાની આગેવાની હેઠળ પોલીસ ટીમે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રાહત સામગ્રીનું વિતરણ કર્યું હતું. ધરમપુર પોલીસ દ્વારા અત્યાર સુધીમાં 70 રાશન કિટ (15 દિવસ માટેની આવશ્યક સામગ્રી), 70 વાસણ કિટ તેમજ 550 ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. રાહત સામગ્રીનું વિતરણ વરસાદથી વધુ અસરગ્રસ્ત પરિવારોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

# રિવર રાફ્ટિંગનો ખતરનાક સ્ટંટ

**ડાંગના સોશિયલ** મીડિયા પર રીલ બનાવવા માટે ખાપરી નદીના ધસમસતા પ્રવાહમાં ઉતરેલા આહવાનાં ૬ યુવક પકડાયા

**યુવાનો** સામે ડાંગ SOG પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી જાહેરનામા ભંગ બદલ દાખલો બેસાડ્યો


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લામાં ઘોડાપૂર આવી રહ્યા છે. આવી ગંભીર અને જોખમી પરિસ્થિતિમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી નદી, તળાવ, ચેકડેમ અને ધોધમાં પ્રવેશવા કે ઉતરવા પર સખત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આમ છતાં, સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરી લાઈક્સ અને ફોલોઅર્સ મેળવવાના મોહમાં આહવાનાં યુવાનો પોતાના જીવના જોખમે ખતરનાક સ્ટંટ કરતા અટકતા નથી. જ્યાં ધસમસતા પૂરમાં રિવર રાફ્ટિંગનો સ્ટંટ કરનારા આહવાનાં ૬ યુવકો સામે ડાંગ SOG પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે. આહવાના દેવીનામાળ ખાતે આવેલી ખાપરી નદીમાં વડદહાડ પુલ પાસે ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ આહવાનાં ૬ યુવકોએ એક દેશી બોટ (તરાપા જેવું સાધન) લઈને ધસમસતા પૂરના પાણીમાં રિવર રાફ્ટિંગ કરવાનો અત્યંત જોખમી સ્ટંટ કર્યો હતો. યુવકોએ આ ભયાનક સ્ટંટનો વીડિયો શૂટ કરી પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડી પર રીલ બનાવીને અપલોડ કર્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ SOG પોલીસ સબ ઈન્સપેક્ટર એમ. જી. શેખ અને ટીમે ઈન્સ્ટાગ્રામ આઈડીના આધારે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસે સ્ટંટ કરનાર છ યુવકો (૧) કૌશિકભાઈ જાદવ (૨) બાલકૃષ્ણભાઈ દેશમુખ,(૩) તેજસભાઈ ગાયકવાડ,(૪) દિલીપભાઈ દેસાઈ,(૫)તુષારભાઈ ચૌધરી, અને (૬)મનિષભાઈ તુંબડા (તમામ રહે.આહવા ) ની અટક કરી છે. ડાંગ પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે સોશિયલ મીડિયામાં વાહવાહી મેળવવા માટે નદીઓ, ધોધ કે પૂરના પાણીમાં ઉતરી પોતાના કે અન્યોના જીવ જોખમમાં મૂકે તેવા ખતરનાક સ્ટંટ ન કરવા. જાહેરનામાનો ભંગ કરનાર સામે આવી જ રીતે કડકમાં કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે.

## પૂરથી સેલવાસનો રિવરફ્રન્ટ ક્ષતિગ્રસ્ત



■ વાપી : તાજેતરમાં થયેલા ધોધમાર વરસાદ અને દમણગંગા નદીના ઘૂઘવતા પૂરે સેલવાસના રિવર ફ્રન્ટને ભારે નુકસાન પહોંચાડ્યું છે. નાગરિકો માટે હરવા-ફરવાનું મુખ્ય કેન્દ્ર સમાન આ સ્થળ પૂરના પ્રચંડ પ્રવાહ સામે ટકી શક્યું નથી અને તેની સુંદરતા પ્રભાવિત થઈ છે. દમણગંગા નદીના તીવ્ર પ્રવાહને કારણે અનેક સ્થળોએ પેવર બ્લોક અને ટાઇલ્સ ઉખડીને અસ્તવ્યસ્ત થઈ ગયા છે. કેટલીક જગ્યાએ લાઈટના થાંભલા ધરાશાયી થયા છે તેમજ સુરક્ષા દીવાલો અને ગ્રિલને પણ નુકસાન થયું છે. નાગરિકો માટેનો વોકિંગ ટ્રેક અને બગીચાનો વિસ્તાર પૂરના પાણીના કારણે પ્રભાવિત થયો છે. સેલવાસના આ રિવર ફ્રન્ટ પર રોજના સેંકડો નાગરિકો મોર્નિંગ અને ઈવનિંગ વોકિંગ માટે આવતા હોય છે. હાલમાં લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રિવર ફ્રન્ટ સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યો છે. સતત વરસી રહેલા વરસાદને કારણે મરામત અને સફાઈ કામગીરીમાં અવરોધ ઊભો થઈ રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને રિવર ફ્રન્ટની આજુબાજુ ન જવા અને વિશેષ તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.

# ચીખલી ટીચર્સ ક્રેડિટ સોસાયટીના પ્રમુખપદ માટે ખરાખરીનો જંગ

**વર્તમાન** પ્રમુખનું ફોર્મ રદ થતાં અને એક ઉમેદવારી પરત ખેંચાતા આગામી ૨ ઓગસ્ટે યોજાશે ચૂંટણી; ૯૪૨ શિક્ષકો કરશે મતદાન

### ઉપપ્રમુખના હોદ્દાની ઓફર કરવામાં આવી

ચૂંટણીની જાહેરાત થતા જ મંડળીના ભૂતપૂર્વ મંત્રી અને હાલ મીણકછ શાળાના વિજય નાયકાએ ઉમેદવારી પત્રક રજૂ કરતા મંડળીની ચૂંટણી ટાળવા સમાધાનની દિશામાં આગેવાનોએ સમજાવવાના પ્રયત્ન હાથ ધરી તેમને ઉપપ્રમુખના હોદ્દો આપવાની પણ ઓફર કરવામાં આવી હતુ. જો કે આગેવાનોને સફળતા મળી ન હતી. બાદમાં તેમને બ્રહ્મજ્ઞાન લાધ્યું હોવાની ચર્ચા પણ આવી હતી.

ઘેજ : ધી ચીખલી તાલુકા ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની પ્રમુખપદની ચૂંટણીથી રાજકારણ ગરમાયું છે. સંસ્થાના ૨૦૨૬ થી ૨૦૩૧ના પાંચ વર્ષના સમયગાળા માટે પ્રમુખપદની ચાર ઉમેદવારી નોંધાઇ હતી. જેમાં ચીખલી અને ખેરગામ તાલુકાના ૯૪૨ શિક્ષક સભાસદો છે અને ટર્ન ઓવર ચોવીસ કરોડથી વધુનુ છે.

મંડળીની ચૂંટણી માટે ૨૫ મીના રોજ ઉમેદવારી પત્રક ભરવાના દિવસે પ્રમુખ પદ માટે અશ્વિન પટેલ (બી.આર.સી ચીખલી), વિજય નાયકા મીણકછ શાળા, સુનિલ જગુભાઈ પટેલ ચીખલી કુમાર શાળા, તુષાર પટેલ સી.આર.સીના ઉમેદવારી પત્રક ભરાયા હતા. ચકાસણી અને પરત ખેંચવાના દિવસે હાલના પ્રમુખ સુનિલ પટેલનું ફોર્મ રદ થવા પામ્યું હતું. જ્યારે તુષાર પટેલે ફોર્મ પરત ખેચતા પ્રમુખ પદની ચૂંટણી માટે હવે અશ્વિન પટેલ અને વિજય નાયકા વચ્ચે જંગ જામશે. આ ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ સુનીલ પટેલનુ ઉમેદવારી પત્રક રદ થવાની બાબત ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો.

ચીખલી અને ખેરગામના ૯૪૨ શિક્ષક મતદારો ૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વિદ્યાકુંજ પ્રાથમિક શાળા, સમરોલી ખાતે મતદાન કરશે. ત્યારબાદ બપોરે ૧:૦૦ વાગ્યે મતગણતરી હાથ ધરી પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણી અધિકારી તરીકે જીતુભાઈ પટેલ સેવા આપી રહ્યા છે. ચૂંટણી અધિકારી તરીકે ખેરગામની નાંધઇ પ્રાથમિક શાળાના શિક્ષક જીતુ પટેલ અને સભ્ય તરીકે ચેતન પટેલ, સંજય પટેલ, મહેશ પરમારનો સમાવેશ થાય છે.

# કપરાડા-નાનાપોંઢામાં 110 માર્ગ પર વાહનવ્યવહાર ફરી શરૂ

**ભવાડાનો** જોખમી માર્ગ પણ શરૂ કરાયો

**લેન્ડસ્લાઈડ** અને નુકસાન છતાં તંત્રએ માર્ગો ખૂલતા સ્થાનિકોમાં ખુશીનો માહોલ



વલસાડ : નાનાપોંઢા તાલુકામાં 23 જુલાઈએ વરસેલા ભારે વરસાદને લઈ કપરાડા પંચાયત પેટા વિભાગ હસ્તકના કપરાડા તાલુકાના 79 અને નાનાપોંઢા તાલુકાના 31 મળી બંધ થયેલા 110 માર્ગોને ફરી શરૂ કરી દેવાયા છે.

આ રસ્તાઓના સમારકામમાં સૌથી ખતરનાક રસ્તો એવા અંતરિયાળ ભવાડા જાગીરી ખોરી ફળીયા રોડ હતો. જે ભવાડા જાગીરી ગામના ખોરી ફળીયાને જોડતો એકમાત્ર રસ્તો છે. લેન્ડ સ્લાઈડીંગ થવાથી રસ્તો સદંતર કોઈપણ પ્રકારની અવર-જવર માટે બંધ થઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતાં. પરંતુ પંચાયત (મા.x.મ) પેટાવિભાગ કપરાડા દ્વારા ખુબ વિકટ પરિસ્થિતિમાં સુરક્ષા જોખમમાં મૂકી વાહનો અંદર સુધી લઈ જઈ રસ્તો અવર-જવર માટે શરૂ કરાતા સ્થાનિકોમાં ખુશીનો માહોલ છવાયો હતો. નોંધનીય છે કે, તાલુકામાં લેન્ડ સ્લાઈડીંગ, વરસાદી પાણીથી કોઝવે તેમજ રોડ પરથી ઓવર ટોપીંગ, સ્ટ્રક્ચર ડેમેજ, રોડ સરફેસ ડેમેજના લીધે મહિને મોટું નુકશાન થયું હતું. જોકે ગણતરીના દિવસોમાં માનવબળ, સાધનો અને અધિકારીઓએ વરસતા વરસાદ વચ્ચે હાજર રહી 110 માર્ગોને શરૂ કરાયા હોવાનું માર્ગ મકાન અધિકારી કપરાડા નાનાપોંઢા વિરલ પટેલે જણાવ્યું હતું.

## સેંકડોની સંખ્યામાં શરૂના વૃક્ષો ધરાશાયી થતા પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા

# પૂરના કારણે ઉમરગામ તાલુકાના દરિયા કિનારે ભારે ધોવાણ

**દેહરીમાં** દરિયા કિનારે ક્રિકેટ, ગ્રાઉન્ડ સ્મશાન ગૃહ ધોવાયુ

**પૂરના** કહેર ધસમસતા પાણીના પ્રવાહમાં પુનાટ ગૌશાળામાંથી 50થી વધુ ગીર ગાય તણાઈ


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકામાં દરિયા કિનારે ભારે ધોવાણ થયુ છે. સેકડોની સંખ્યામાં શરૂના વૃક્ષો ધરાશાયી થતા પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા જોવા મળી રહી છે. દેહરીમાં દરિયા કિનારે ક્રિકેટ ગ્રાઉન્ડ સ્મશાન ગૃહ ધોવાયુ છે. વરસાદથી ભારે તારાજી સર્જાઈ છે પૂરના કહેર ધસમસતા પાણીના પ્રવાહમાં પુનાટ ગામે શ્રી અખંડાનંદ આશ્રમ વચ્છરાજ ગીર ગાય ગૌશાળામાંથી 50થી વધુ અબોલ જીવો ગીર ગાય નદી ખાડીમા તણાઈ ગયાની હૃદય દ્રાવક ઘટના પણ સામે આવી છે.

ઉમરગામ તાલુકામાં રેકોર્ડ બ્રેક વરસાદ પૂરના કારણે ભારે તારાથી સર્જાય છે લોકોના ઘરોમાં પાણી ઘૂસી જવાના, ઘરવખરીને નુકસાન થવાના, ઘરો તૂટી પડવાના, વાહનો ડૂબી જવાના તથા પશુઓ તણાઈ જવાની ઘટનાઓ બનવા પામી છે. ઉમરગામ તાલુકામાં ગોવાડાથી લઈને દેહરી, ઉમરગામ, નારગોલ, તડગામ, મરોલી, દાંડી, ફણસા, કલગામ, કાલય દરિયા કિનારે ભારે ધોવાણ થવા પામ્યું છે અને સેકડોની સંખ્યામાં શરૂના વૃક્ષો ધરાશાયી થયા છે નારગોલ બીચની સુંદરતા વધારતા શરૂના વૃક્ષો ભારે વરસાદ અને પવનના કારણે તથા દરિયાઈ મોટી ભરતીના લીધે કિનારે ધોવાણ થતા ધરાશય થયાના તૂટી પડતા પર્યાવરણ પ્રેમીઓમાં ભારે ચિંતા જોવા મળી હતી. દેહરીમાં ભંડારવાડ વિસ્તારમા દરિયા કિનારે ક્રિકેટ ગ્રાઉન્ડ, રસ્તો તથા સ્મશાન ગૃહ ધોવાયુ હતું. તથા નજીકમાં મોટી ખાડી પડી જતા લોકો ચિંતામાં મુકાઈ ગયા છે. દેહરીથી ગોવાડા બોર્ડર સુધી 820 મીટર લાંબી અંદાજે રૂપિયા 15 કરોડના ખર્ચે પ્રોટેક્શન વોલ બનાવવાની મંજૂરી મળેલી છે. જેની વહીવટી કેટલીક પ્રક્રિયાઓ બાકી છે જે કામગીરી ઝડપથી પૂરી કરી તંત્ર પ્રોટેક્શન વોલની કામગીરી હાથ ધરે તેવી માંગ લોકોમાં ઉઠવા પામી છે.

## બીલીમોરાના ડુંગરી રેલવે સ્ટેશન પાસે ટ્રેન અડફેટે અજાણ્યાનું મોત

બીલીમોરા : બીલીમોરા રેલવે સ્ટેશન હસ્તકના ડુંગરી રેલવે સ્ટેશનની ઉત્તરે પ્લેટફોર્મ નંબર-૨ પાસે રેલવે લાઇન પરથી પસાર થતી ઈન્દોર એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જવાથી ૪૦ થી ૪૫ વર્ષની વયના પુરુષનું ગંભીર ઈજાઓ થવાથી કરુણ મોત નીપજ્યું છે. મરણજનાર યુવક મધ્યમ બાંધાનો અને ઘઉંવર્ણનો છે. જો કોઈને માહિતી હોય, તો બીલીમોરા આઉટ પોસ્ટના એ.એસ.આઈ. મહેશકુમાર બાંગેશભાઈનો સંપર્ક કરવા જણાવાયું છે.

## વિજલપોરમાં ગાંજા સાથે એક ઝડપાયો

નવસારી : વિજલપોરમાં નાર્કોટિક્સ વિરોધી ડ્રાઈવ દરમિયાન પોલીસે હિંગળાજ નગરમાં દરોડો પાડી 207.38 ગ્રામ ગાંજો (કિંમત 10,369) જપ્ત કર્યો છે. પોલીસે કલ્પેશ કેશબચંદ્ર પગાલની ધરપકડ કરી 20,569નો મુદ્દામાલ કબજે કર્યો છે.


**જાહેર નોટીસ /સમન્સ - નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

જન્મ મરણ નોંધણી અરજી નં.૧૬૩/૨૦૨૬

અરજદાર : ગીતાબેન સુરેશભાઈ પટેલ રહે.વાડ, કોળીવાડ તા.ખેરગામ જિ.નવસારી

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વાડ, તા.ખેરગામ જિ.નવસારી

આ કામના અરજદારશ્રી ગીતાબેન સુરેશભાઈ પટેલ રહે.વાડ, કોળીવાડ તા.ખેરગામ જિ.નવસારીએ તેમના પુત્રી વૈશાલીબેન સુરેશભાઈ પટેલનો જન્મ મોજે વાડ તા.ખેરગામ જિ.નવસારી મુકામે તા.૧૪/૦૪/૧૯૮૬ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજી કરેલ છે.સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે. કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહીં આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૨૦/૦૭/૨૦૨૬ સ્થળ : વાંસદા (કોર્ટનો સિક્કો) (બી.એલ.માહલા) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા



## ૨૯મી જુલાઈ બુધવારે નવનાથ ધામ, દેવસર, બીલીમોરા ખાતે પૂજ્ય છોટેદાદાના સાનિધ્યમાં ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ભારતીય સનાતન સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમા ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, સમર્પણ અને આધ્યાત્મિક જાગૃતિનો મહાપર્વ છે. ગુરુ-શિષ્ય પરંપરાના આ દિવ્ય અવસરે નવનાથ ધામ, બીલીમોરા ખાતે ૨૯મી જુલાઈ, બુધવારના રોજ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ આત્મિક આકર્ષણથી નવનાથ ધામ પધારી પૂજ્ય શ્રી છોટેદાદાના પાવન દર્શન, આશીર્વાદ અને સત્સંગનો લાભ લે છે. તેમના પ્રેરણાદાયી આધ્યાત્મિક પ્રવચનો જીવનમાં સદાચાર, સંસ્કાર અને આત્મકલ્યાણ નો માર્ગ ઉજાગર કરે છે તથા માનવને મહામાનવ બનવાની પ્રેરણા આપે છે. શ્રી મત્સ્યેન્દ્રનાથ શ્રી ગોરક્ષનાથ, શ્રી રામકૃષ્ણ પરમહંસ-શ્રી સ્વામી વિવેકાનંદ જેવી મહાન ગુરુ-શિષ્ય પરંપરાઓ ભારતીય આધ્યાત્મિક વારસાની અમૂલ્ય ધરોહર છે. આ જ પરંપરાના મૂલ્યોને જીવંત રાખતો ગુરુપૂર્ણિમાનો આ પાવન ઉત્સવ સૌ માટે આધ્યાત્મિક ઉર્જા અને દિવ્ય અનુભૂતિનો અવસર છે. મહોત્સવ દરમિયાન તમામ ભાવિકો માટે નવનાથ ધામના માઁ વિમલા અખૂટ અન્નક્ષેત્રમાં મહાભંડારાની સુવિધા ઉપલબ્ધ રહેશે. આપ અને આપના પરિવારને આ પવિત્ર અવસરે નવનાથ ધામ, બીલીમોરા પધારી ગુરુકૃપા, સત્સંગ અને દિવ્ય વાતાવરણનો લાભ લેવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.


બ્રહ્મલીન પ. પૂ. ધર્મગુરુ શ્રી સાનેદાદા

તાઃ 29/07/2026, બુધવાર
સ્થળ : શ્રી નવનાથ ધામ, બીલીમોરા, ગુજરાત.

પ્રવચનઃ સવારે 11:30 કલાકે થી
મહાભંડારોઃ બપોરે 01:30 કલાકે થી

મહાભંડારો રાત્રે 12:00 કલાક સુધી અવિરત ચાલુ રહેશે.


પરમ પૂજ્ય શ્રી છોટેદાદા


# ઉનાઈમાં રામ મંદિરનું બાંધકામ શરૂ ન થતાં આંદોલનની ચીમકી

**૪ ઓગસ્ટથી** અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળની ચેતવણી


નિલેશ કાપડિયા

વાંસદા : ઉનાઈ (ખંભાલીયા) ગામે રામ મંદિરના બાંધકામનો મુદ્દો ફરી એકવાર જોર પકડી રહ્યો છે. હિન્દુ યુવા સંગઠન અને ગ્રામજનોના આક્ષેપ મુજબ, લાંબા સમયથી મંદિર નિર્માણની માંગ કરાઈ રહી છે છતાં તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો આપવામાં આવ્યા છે, જેથી ભક્તોમાં અસંતોષ પ્રવર્તી રહ્યો છે. અગાઉ ગત ૧૭ ફેબ્રુઆરીના રોજ રામ મંદિરની માંગ સાથે ભૂખ હડતાળ યોજાઈ હતી. તે સમયે મામલતદાર મીત મોદીએ ત્રણ મહિનામાં મંદિરનું બાંધકામ શરૂ કરાવવાની ખાતરી આપી હતી. જોકે, નિર્ધારિત સમયમર્યાદા વીતી જવા છતાં જમીન પર કોઈ નક્કર કામગીરી શરૂ થઈ નથી. સંગઠનનું કહેવું છે કે અનેક લેખિત અને મૌખિક રજૂઆતો છતાં માત્ર કોરા વચનો જ મળ્યા છે. રામ મંદિર માત્ર આસ્થાનું કેન્દ્ર નહીં પરંતુ લાખો શ્રદ્ધાળુઓની લાગણીઓ સાથે જોડાયેલું છે. તેથી હવે માત્ર આશ્વાસન નહીં ચાલે. હિન્દુ યુવા સંગઠને ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી ૪ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી મંદિરના બાંધકામની પ્રક્રિયા શરૂ નહીં કરાય, તો તે દિવસથી અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ શરૂ કરવામાં આવશે. કામગીરી શરૂ ન થાય ત્યાં સુધી આંદોલન પાછું ખેંચવામાં નહીં આવે તેવી સ્પષ્ટ ચેતવણી અપાઈ છે. આ મામલે હવે સૌની નજર તંત્રની આગામી કાર્યવાહી પર ટેવાયેલી છે.